सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૬ / ૦૩ / ૨૦૨૬ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૬ / ૦૩ / ૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૧૨ / ૦૩ / ૨૦૨૬ | | |
| | વર્ષ | માસ | દિવસ |
| સમયગાળો | ૦૦ | ૦૦ | ૦૬ |

## મે. મહેસાણાના ત્રીજા એડીશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટ, એટઃ– વિસનગર.

**ફોજદારી પરચુરણ અરજ નં.૧૪૦/૨૦૨૬.**
આંક–

અરજદારઃ–

૧. **ઠાકોર કિશોરજી પ્રવિણજી,**
ઉં.વ.આ. – ૧૮, ધંધો.– મજુરી,

૨. **ઠાકોર કરણજી પારખાનજી,**
ઉં.વ.આ. – ૨૫, ધંધો.– મજુરી,

૩. **ઠાકોર રાહુલજી હુસાજી,**
ઉં.વ.આ. – ૨૫, ધંધો.– મજુરી,
તમામ રહે.– ગોઠવા, (વાઘાજીપુરા)
તા.– વિસનગર, જી.– મહેસાણા.

**વિ રૂ દ્ધ**

સામાવાળાઃ– ૧. ધી સ્ટેટ ઓફ ગુજરાત.

**બાબતઃ–** – ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા અરજ...

| | |
|---|---|
| અરજદાર તરફે વિદ્વાન વકીલ શ્રી | એસ. એ. પઠાણ. |
| સામાવાળા તરફે વિદ્વાન એડિ.પી.પી. શ્રી | જે. બી. રાજપુત. |

**––// ઠ રા વ //––**

(૧).. આ કામના અરજદાર/આરોપી તરફે સદર જામીન અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ–૪૮૩ નીચે

દાખલ કરીને વિસનગર તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટ્રેશન નંબર–૧૧૨૦૬૦૦૨૨૬૦૧૫૪/૨૦૨૬ ના ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૬૧(૨), ૩૧૬(૫), ૩૧૮(૪), ૩૧૯(૨) મુજબની ફરિયાદ તા.૦૨–૦૩–૨૦૨૬ના રોજ ફરિયાદીએ દાખલ કરેલ છે. જે કામમાં અરજદાર/આરોપીઓની તપાસ કરનાર અમલદારે ધરપકડ કરી નામદાર વિદ્વાન ટ્રાયલ કૉર્ટમાં તા.૦૩–૦૩–૨૦૨૬ ના રોજ રજુ કરી રીમાન્ડની માગણી કરતાં તા.૦૫–૦૩–૨૦૨૬ સુધીના રીમાન્ડ મંજુર કરેલા. ત્યારબાદ અરજદાર/આરોપીઓએ નામદાર ટ્રાયલ કૉર્ટમાં જામીન અરજી મુકતાં જામીન અરજી નામંજુર કરી અરજદાર/આરોપીઓને જ્યુડીશ્યલ કસ્ટડીમાં મુકેલ હોય અને અરજદાર/આરોપીઓ જ્યુડીશ્યલ કસ્ટડીમાં હોય અરજદાર/આરોપીઓએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ–૪૮૩ નીચે હાલની રેગ્યુલર જામીન મેળવવા માટે જામીન અરજ દાખલ કરેલી છે.

(૨).. અરજદાર/આરોપીઓ તરફે વિદ્વાન વકીલશ્રીએ જામીન અરજી મુજબ રજુઆત કરી દલીલ કરેલ છે કે, હાલના અરજદાર/આરોપીઓ કોઇ સરકારી નોકરી કરતા નથી કે કોઇ કંપની કે તેના કર્મચારી નથી તેથી તેમની સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૧૬(૫) મુજબનો ગુનો બની શકે નહી. કારણ કે, અરજદાર/આરોપીએ કોઇ નાણાકીય લાભ મેળવેલ નથી તેમ છતાં પોલીસે ખોટો કેસ ઉભો કરેલ છે. અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે. કહેવાતો કોઇ ગુનો કરેલ નથી કે તેમ છતાં ખોટી રીતે તેમને સંડોવી દીધેલ છે. અરજદાર/આરોપીઓએ ગુનામાં સીધા કે આડકતરી રીતે સંડોવાયેલ નથી કે કોઇપણ પ્રકારના કૃત્ય કરેલ નથી. અરજદાર/આરોપીઓએ ગુનામાં સીધા કે આડકતરી રીતે સંડોવાયેલ નથી. અરજદાર/આરોપીઓનો કોઇ ગુનાહિત ભુતકાળ નથી તેમજ મજુરી કામ કરે છે અને યુવાન વયના વ્યક્તિઓ છે. જો અરજદાર/આરોપીઓને જામીન ઉપર મુક્ત ન

કરવામાં આવે તો અરજદાર/આરોપીઓ ઉપરોક્ત સરનામે રહેતા હોય ક્યાંય નાસી ભાગી જાય તેમ નથી. વધુમાં જણાવે છે કે, અરજદાર/આરોપીઓને જામીન પર મુક્ત કરવામાં આવશે તો તેઓ નામદાર કૉર્ટ ફરમાવે તેવી તમામ શરતોનું પાલન કરવા તેઓ તૈયાર છે અને નામદાર કૉર્ટ ફરમાવે તેવી રકમના સધ્ધર જામીન આપવા તૈયાર છે. આમ અરજદાર/આરોપીઓને જામીન ઉપર મુક્ત કરવા વિનંતી કરેલ છે.

વધુમાં એવી રજુઆત કરેલ છે કે, હાલના અરજદાર/આરોપીઓનો ગુનામાં કોઇ રોલ નથી તેણે કોઇ સાહેદના કોન્ટેક્ટ કરેલ નથી કે હાલના અરજદાર/આરોપીઓના બેન્ક ખાતામાં કોઇ ભોગબનનારના નાણાં આવેલા નથી. તપાસ કરનાર ના સોગંદનામામાં પણ હાલના અરજદાર/આરોપીઓએ કોઈનો ફોન કોન્ટેક્ટ કરેલ હોય તેવું નથી વિગેરે હકીકતો જણાવી જામીન અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૩).. ઉપરોક્ત હકીકત તળે સરકારશ્રીને નોટીસ કરતાં જેના અનુસંધાને સરકારશ્રી તરફથી વિદ્વાન પબ્લીક પ્રોસીક્યુટર શ્રી જે. બી. રાજપુત નાઓ હાજર થયેલા છે અને તેમની રજુઆતમાં તથા તપાસ કરનાર અમલદારના આંક–૦૬ થી રજુ સોગંદનામામાં મુખ્યત્વે રજુઆત છે કે, આ કામે હકિકત એવી છે કે, આ કામના આરોપીઓએ ભેગા મળી પોતાના અંગત આર્થિક ફાયદા સારૂ પોતે ઉપયોગ કરતા એન્ડ્રોઇડ મોબાઈલમાં માર્કેટ પલ્સ (MARKET એંજલવન નામની PULSE) તથા એપ્લીકશેનમાં શેર બજારની વધઘટ જોઇ પોતે ટેકનીકલ સ્ટોક સિર્સચ સેન્ટર ગુજરાત અમદાવાદ તથા ટેકનીકલ સ્ટોક સિર્સચ સેન્ટર ફોર્મે રાજકોટ કંપનીના એજન્ટ હોવાની ખોટી ઓળખ આપી તેમજ ખોટા નામ ધારણ કરી પોતાની પાસે રહેલ ગ્રાહકોના સંપર્ક નંબરવાળા લીસ્ટમાંથી ગ્રાહકોને કોલીંગ કરી શેર બજારમાં વધુ

કમાણી કરી આપવાની ટીપ્સ આપી તેઓના મળતીયા વસંતજી રજુજી ઠાકોર રહે.ગોઠવા કંકુપુરા નાઓના મોબાઈલ નં.૯૪૯૯૫૩૪૪૧૯ ઉપર સંર્પક કરી કરાવી એજન્ટ–એડવાઇઝરના નામે લોકો સાથે વિશ્વાસઘાત છેતરપીંડી કરી મોબાઇલ નંગ–૧૦ કુલ કિ.રૂા.૧૭,૫૦૦/– ના તથા રેન્ડમ કાગળ નંગ–૦૭ કિ.રૂા.૦૦/૦૦ તથા રોકડ રકમ રૂા.૮૦૦/– ના મુદ્દામાલ સાથે પકડાઇ જઇ ગુન્હો કરેલ છે.

વધુમાં જણાવેલ છે કે, આરોપીઓને જામીન મુક્ત કરવામાં આવે તો ગુનો કરવાળાને પ્રોત્સાહન મળી રહે તેવી પુરેપુરી શક્યતા રહેલ છે તેમજ ફરીવાર આવા પ્રકારના ગુના આચરશે તેમજ સાહેદોના દામ દંડ ભેદ નીતીથી ફોડી નાખી પુરાવા સાથે ચેડાં કરીને કેસને નુકશાન કરે તેવી શક્યતા રહેલી છે.જે ધ્યાને લઇ અરજદાર/આરોપીઓની હાલની રેગ્યુલર જામીન અરજ નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪).. બંન્ને પક્ષોના વિદ્વાન વકીલશ્રીઓને સાંભળ્યા બાદ મારી સમક્ષ રજુ થયેલ જામીન અરજી તથા તપાસ કરનાર અમલદારનું સોગંદનામું તથા પોલીસ કેસ પેપર્સ વંચાણે લીધા.

(૫).. આ કામના આરોપીઓ સામે વિસનગર તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટ્રેશન નંબર–૧૧૨૦૬૦૦૨૨૬૦૧૫૪/૨૦૨૬ ના ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૬૧(૨), ૩૧૬(૫), ૩૧૮(૪), ૩૧૯(૨) મુજબનો ગુન્હો કરેલાનો આક્ષેપ છે.

(૬).. બંન્ને પક્ષની દલીલ તથા રજુ પોલીસ પેપર્સ, એફ.આઇ.આર. વિગેરેની હકીકત તેમજ તપાસ કરનાર અમલદારનું સોગંદનામું ધ્યાને લેતાં આ કામના આરોપીઓએ

ભેગા મળી પોતાના અંગત આર્થિક ફાયદા સારૂ પોતે ઉપયોગ કરતા એન્ડ્રોઈડ મોબાઈલમાં માર્કેટ પલ્સ (MARKET એંજલવન નામની PULSE) તથા એપ્લીકશેનમાં શેર બજારની વધઘટ જોઇ પોતે ટેકનીકલ સ્ટોક સિર્સચ સેન્ટર ગુજરાત અમદાવાદ તથા ટેકનીકલ સ્ટોક સિર્સચ સેન્ટર ફોર્મે રાજકોટ કંપનીના એજન્ટ હોવાની ખોટી ઓળખ આપી તેમજ ખોટા નામ ધારણ કરી પોતાની પાસે રહેલ ગ્રાહકોના સંપર્ક નંબરવાળા લીસ્ટમાંથી ગ્રાહકોને કોલીંગ કરી શેર બજારમાં વધુ કમાણી કરી આપવાની ટીપ્સ આપી તેઓના મળતીયા વસંતજી રજુજી ઠાકોર રહે.ગોઠવા કંકુપુરા નાઓના મોબાઇલ નં.૯૪૯૯૫૩૪૪૧૯ ઉપર સંર્પક કરી કરાવી એજન્ટ–એડવાઇઝરના નામે લોકો સાથે વિશ્વાસઘાત છેતરપીંડી કરી મોબાઇલ નંગ–૧૦ કુલ કિ.રૂા.૧૭,૫૦૦/– ના તથા રેન્ડમ કાગળ નંગ–૦૭ કિ.રૂા.૦૦/૦૦ તથા રોકડ રકમ રૂા.૮૦૦/– ના મુદ્દામાલ સાથે પકડાઇ જઇ ગુન્હો કરેલાનો આક્ષેપ છે.

(૭).. વધુમાં ગુનાની તપાસના કાગળો તથા તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ જોતાં હાલના અરજદાર/આરોપીઓના નામ પ્રથમથીજ એફ. આઇ. આર.માં છે. વધુમાં હાલના ગુનાના કામે સદર આરોપીઓનો રોલ કોલર તરીકેનો હોવાનું જણાઇ આવે છે. વધુમાં તપાસના કાગળો જોતાં હાલના અરજદાર/આરોપીઓએ કોઇ ભોગબનનારને કોલ કરેલ હોય અને તે આધારે કોઇ ભોગબનનારના નાણા મેળવી લીધેલ હોય તેવું કંઇ તપાસના કાગળો જોતાં પ્રથમદર્શનીય રીતે જણાઇ આવતું નથી. વધુમાં અરજદાર/આરોપીઓ સ્થાનીક રહીશ છે જે જોતાં તેઓની ટ્રાયલના કામે હાજરી સુનીશ્ચીત જણાય છે. તેઓનો કોઇ ગુનાહિત ભુતકાળ નથી.

(૮).. ઉપરોક્ત હકીકતો ધ્યાને લેતાં તથા નામદાર સુપ્રીમ કૉર્ટનો ચુકાદો સંજય ચંન્દ્રા વિ. સી. બી. આઇ.ના ચુકાદામાં

જામીન અંગે પ્રસ્થાપીત થયેલ સિધ્ધાતો ધ્યાને લેતાં અરજદાર/આરોપીઓ અત્રેના જીલ્લાના સ્થાનીક રહીશ છે. જે જેતાં તેની હાજરી ટ્રાયલના કામે સુનીશ્ચીત જણાય છે. તેમજ આરોપીઓ સામે કોઈ ગુનાહિત ભુતકાળ નથી. તેમજ આરોપી તરફે જે શરતોને આધીન જામીન મુક્ત કરવામાં આવશે તેનું પાલન કરવા તૈયાર અને ખુશી હોવાનું જણાવેલ છે. આમ અરજદાર/આરોપીઓની તરફેણમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ હેઠળની વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરી જામીન મુક્ત કરવા યોગ્ય આ અદાલતને ન્યાયોચિત જણાતું હોય અરજદાર/આરોપીઓની હાલની રેગ્યુલર જામીન મેળવવાની અરજી તળે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

/// **હુકમ** ///

(૧).. પ્રસ્તૃત કામના અરજદાર/આરોપી નંબર–૦૧, **ઠાકોર કિશોરજી પ્રવિણજી,** ઉં.વ.આ. – ૧૮, ધંધો.– મજુરી, તથા આરોપી નંબર–૦૨, **ઠાકોર કરણજી પારખાનજી,** ઉં.વ.આ. – ૨૫, ધંધો.– મજુરી તથા આરોપી નંબર–૦૩, **ઠાકોર રાહુલજી હુસાજી,** ઉં.વ.આ. – ૨૫, ધંધો.– મજુરી, તમામ રહે.– ગોઠવા, (વાઘજીપુરા) તા.– વિસનગર, જી.– મહેસાણાવાળાઓની વિસનગર તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટ્રેશન નંબર–૧૧૨૦૬૦૦૨૨૬૦૧૫૪/૨૦૨૬ ના ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૬૧(૨), ૩૧૬(૫), ૩૧૮(૪), ૩૧૯(૨) મુજબના ગુનાના કામે પ્રત્યેક આરોપીને રૂ. ૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર) પુરાના સધ્ધર જામીન તથા તેટલી રકમના જાત મુચરકા રજુ કરેથી નીચેની શરતોની આધીન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતોઃ–**

**(૧)** અરજદાર/આરોપીઓએ પોતાના ઓળખ અંગેના તથા હાલના તેમજ કાયમી સરનામા અંગેના દસ્તાવેજી પુરાવા જામીન આપતી વખતે

રજુ કરવાના રહેશે તથા અદાલતની પુર્વ પરવાનગી સિવાય સરનામું બદલવું નહી.

(૨) અરજદાર/આરોપીઓએ આવા પ્રકારના કે બીજો કોઇપણ પ્રકારના ગુન્હા કરવા નહી કે આચરવા નહિ.

(૩) અરજદાર/આરોપીઓએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ધાક ધમકી આપી અથવા તો પ્રલોભનો આપી અથવા તો કોઇપણ રીતે ફરિયાદપક્ષના સાહેદોને ફોડવાનો પ્રયત્ન કરવો નહી તથા ટ્રાયલ પુરી થતાં સુધી નિયમીતપણે કૉર્ટમાં હાજર રહેવાનું રહેશે.

(૪) અરજદાર/આરોપીઓ કોઇપણ શરતનો ભંગ કરશે તો ટ્રાયલ કૉર્ટ જરૂરી કાર્યવાહી કરી શકશે.

**(૫) અરજદાર/આરોપીઓએ ચાર્જશીટ ન થાય ત્યાં સુધી સબંધીત પોલીસ સ્ટેશનમાં દર અંગ્રેજી માસની ૦૧ લી તારીખથી ૧૫ તારીખ સુધીમાં સવારના ૧૦–૦૦ કલાકથી કલાક ૦૧–૦૦ વાગ્યા સુધી હાજરી પુરાવવી.**

– જામીન નીચેની કૉર્ટમાં આપવાના રહેશે અને તે અંગેની જરૂરી યાદી કૉર્ટ તથા જે તે પોલીસ સ્ટેશને કરવી.

હુકમ આજરોજ તારીખ ૧૨[મી] માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૧૨/૦૩/૨૦૨૬.
સ્થળ – વિસનગર.

( પ્રવિણભાઇ જોઇતાભાઇ ચૌધરી )
**ત્રીજા એડીશનલ સેશન્સ જજ,**
**મુ.વિસનગર.**
UIC No.GJ–00661

પી.એસ., મહેશ જી. રાવલ.